# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

**પરિપત્ર નં.૨ તા.૪-૪-૧૯**

**(માન્ય શાળા પરિપત્ર નં.૧)**

**તમામ શાળાઓ માટે :-**

**વિષય :-દ્વિતીય સત્રાંત (લેખિત) પરીક્ષા - ૨૦૧૯ ના કાર્યક્રમમાં ફેરફાર બાબત.**

આથી તમામ શાળાઓને ઉપરોકત વિષયના અનુસંધાનમાં જણાવવાનું કે મ્યુનિ. શાળાઓમાં પરિપત્ર નં.૧૩૨ તા.૨૯-૩-૧૯માં જણાવ્યા મુજબ દ્વિતીય સત્રાંત પરીક્ષા તા.૮-૪-૧૯ થી તા.૨૯-૪-૧૯ સુધી લેવાની હતી **તેની જગ્યાએ આ પરીક્ષા તા.૮-૪-૧૯ થી તા.૩-૫-૧૯ સુધી નીચે જણાવેલ કાર્યક્રમ અનુસાર લેવાની રહેશે.**

**દ્વિતીય સત્રાંત (લેખિત) પરીક્ષા-૨૦૧૯નો કાર્યક્રમ**

| ક્રમ | તારીખ | વાર | સમય | ધોરણ | વિષય |
|---|---|---|---|---|---|
| ૧ | ૮-૦૪-૧૯ | સોમવાર | ૮-૦૦ થી ૧૦-૦૦ | ૫ | ગણિત |
| | | | ૮-૦૦ થી ૧૧-૦૦ | ૬ થી ૮ | ગણિત |
| ૨ | ૯-૦૪-૧૯ | મંગળવાર | ૮-૦૦ થી ૧૦-૦૦ | ૫ | માતૃભાષા |
| | | | ૮-૦૦ થી ૧૧-૦૦ | ૬ થી ૮ | માતૃભાષા |
| ૩ | ૧૦-૦૪-૧૯ | બુધવાર | ૮-૦૦ થી ૧૦-૦૦ | ૫ | પર્યાવરણ |
| | | | ૮-૦૦ થી ૧૧-૦૦ | ૬ થી ૮ | વિજ્ઞાન/<br>વિજ્ઞાન અને ટેકનોલૉજી |
| ૪ | ૧૧-૦૪-૧૯ | ગુરૂવાર | ૮-૦૦ થી ૧૦-૦૦ | ૫ | અંગ્રેજી |
| | | | ૮-૦૦ થી ૧૧-૦૦ | ૬ થી ૮ | અંગ્રેજી |
| ૫ | ૧૨-૦૪-૧૯ | શુક્રવાર | ૮-૦૦ થી ૧૦-૦૦ | ૫ | હિન્દી |
| | | | ૮-૦૦ થી ૧૧-૦૦ | ૬ થી ૮ | હિન્દી |
| ૬ | ૧૩-૦૪-૧૯ | શનિવાર | ૮-૦૦ થી ૧૦-૦૦ | ૫ | પ્રાદેશિક ભાષા |
| | | | ૮-૦૦ થી ૧૧-૦૦ | ૬ થી ૮ | સંસ્કૃત |
| ૭ | ૧૫-૦૪-૧૯ | સોમવાર | ૮-૦૦ થી ૧૧-૦૦ | ૬ થી ૮ | સામાજિક વિજ્ઞાન |
| | | | ૧૧-૩૦ થી ૧-૩૦ | ૬ થી ૮ | પ્રાદેશિક ભાષા |
| ૮ | ૧૬-૦૪-૧૯ | મંગળવાર | શાળા સમયમાં (વ્યક્તિત્વ વિકાસપત્રક પત્રક-B ) | ૩ થી ૮ | શારીરિક શિક્ષણ |
| ૯ | ૧૮-૦૪-૧૯ | ગુરૂવાર | | ૩ થી ૮ | ચિત્રકલા |
| ૧૦ | ૨૦-૦૪-૧૯ | શનિવાર | | ૩ થી ૮ | સંગીત /કાર્યાનુભવ |
| ૧૧ | ૨૯-૦૪-૧૯ | સોમવાર | ૮-૦૦ થી ૧૦-૦૦ | ૩ અને ૪ | ગણિત |
| ૧૨ | ૩૦-૦૪-૧૯ | મંગળવાર | ૮-૦૦ થી ૧૦-૦૦ | ૩ અને ૪ | માતૃભાષા |
| ૧૩ | ૦૧-૦૫-૧૯ | બુધવાર | ૮-૦૦ થી ૧૦-૦૦ | ૩ અને ૪ | પર્યાવરણ |
| ૧૪ | ૦૨-૦૫-૧૯ | ગુરૂવાર | ૮-૦૦ થી ૧૦-૦૦ | ૪ | અંગ્રેજી |
| | | | ૧૦-૩૦ થી ૧૨-૩૦ | ૩ અને ૪ | પ્રાદેશિક ભાષા |
| ૧૫ | ૦૩-૦૫-૧૯ | શુક્રવાર | ૮-૦૦ થી ૧૦-૦૦ | ૪ | હિન્દી |

ધો.૩ થી ૮ તમામ માધ્યમમાં સેમિસ્ટર મુજબ નવા પાઠ્યપુસ્તકો અમલમાં હોઈ દ્વિતીય સત્રના પાઠયપુસ્તકના તમામ પ્રકરણ આવરી લેવામાં આવેલ છે. સ્કૂલ બોર્ડ તરફથી છાપેલા પ્રશ્નપત્ર આપવામાં આવશે. પરિપત્ર નં.ર-A તા.૪-૪-૧૯ મુજબ પ્રશ્નપત્ર મેળવી લેવા. પરિપત્ર નં.૫૪ તા.૮-૯-૧૧ મુજબ ધો.૧ અને ધો.ર માટે સત્રાંત પરીક્ષા લેવાની રહેતી નથી. ધો.૧ અને ધો.રમાં સતત મૂલ્યાંકન પદ્ધતિ અમલમાં હોઈ તે અનુસાર મૂલ્યાંકન અને નોંધની પ્રક્રિયા ચાલુ રાખવાની રહેશે.

**દ્વિતીય સત્રાંત પરીક્ષા દરમ્યાન નીચે જણાવેલ સૂચનાઓનો ચૂસ્તપણે અમલ કરવાનો રહેશે.**

- ધો.૩ થી ૫ના પ્રશ્નપત્રો ૪૦ ગુણના અને ધો.૬ થી ૮ના તમામ માધ્યમનાં પ્રશ્નપત્રો ૮૦ ગુણના રહેશે. જેમાં બહુવિકલ્પ ટૂંકા પ્રશ્નો તથા નિબંધ પ્રકારના પ્રશ્નોનો સમાવેશ થાય છે.
- વર્ષાન્તે ધો.૪ હિન્દી અને અંગ્રેજી વિષયની લેખિત કસોટી ૪૦ ગુણની લેવાશે.ગણિત વિષયની પરીક્ષા વખતે વિદ્યાર્થીઓ કંપાસ બોક્ષ સાથે લઈને આવે તેવી સૂચના આપવાની રહેશે.
- ધો. ૫ ગુજરાતી માધ્યમ તેમજ ધો. ૬ થી ૮ના તમામ માધ્યમમાં જવાબ લખવા માટે અલગ જવાબવહીઓ સ્કૂલ બોર્ડ દ્વારા આપવામાં આવશે. જેમાં વિદ્યાર્થીઓએ પેનથી જ જવાબ લખવાના રહેશે(પેન્સિલથી નહિ) વિદ્યાર્થીઓએ જવાબવહી બહારથી ખરીદીને લાવવાની રહેતી નથી. તે અંગેની સૂચના વિદ્યાર્થીઓને પ્રથમથી જ આપવી.
- ધો.૩ અને ૪ ગુજરાતી માધ્યમના તમામ વિષયોના પ્રશ્નપત્રમાં જવાબ માટે જગ્યા રાખવામાં આવેલ છે. ધો.૩ થી ૫ ઈતર માધ્યમના તમામ વિષયોના પ્રશ્નપત્રમાં તેમજ ધો.૩ થી ૮ ઈતર માધ્યમના પ્રાદેશિક ભાષાના પ્રશ્નપત્રોમાં પણ જવાબ માટે જગ્યા રાખવામાં આવેલ છે. જેથી વિદ્યાર્થીઓને અલગથી જવાબવહીઓ આપવાની રહેતી નથી. તે અંગે તથા પ્રશ્નપત્રમાં જ જવાબ લખવાની સૂચના વિદ્યાર્થીઓને અચૂક આપવી.
- ગુજરાતી માધ્યમમાં **સામાજિક વિજ્ઞાનની** પરીક્ષા વખતે ઉત્તરવહીની સાથે ધો.૬માં **ગુજરાત**, ધો.૭માં **ભારત** અને ધો.૮માં A-4 સાઈઝનો **દુનિયાનો રેખાંકિત નકશો** દરેક વિદ્યાર્થીઓને આપવાનો થાય છે તેમજ **ગણિત વિષયની** પરીક્ષા (ગુજરાતી માધ્યમ)વખતે ધો.૭ અને ધો.૮માં ઉત્તરવહીની સાથે A-4 સાઈઝના **આલેખપત્ર** આપવાના થાય છે માટે આપની શાળાના ધો. ૬ થી ૮ની વિદ્યાર્થી સંખ્યા મુજબ **ગુજરાત, ભારત અને દુનિયાના** A-4 સાઈઝના રેખાંકિત **નકશા** તેમજ ધો.૭ અને ધો.૮ની વિદ્યાર્થી સંખ્યા મુજબ A-4 સાઈઝના **આલેખપત્ર** શાળા કક્ષાએથી અગાઉથી ખરીદી પરીક્ષા સમયે વિદ્યાર્થીઓને આપવાના રહેશે. આનો ખર્ચ સંયુક્ત શાળા ગ્રાન્ટમાંથી કરવાનો રહેશે. વિદ્યાર્થીઓ પાસેથી આ અંગે કોઈપણ નાણાં લેવાના રહેશે નહિ.
- શારીરિક શિક્ષણ, ચિત્રકળા તેમજ સંગીત/ કાર્યાનુભવની કસોટી પરીક્ષાના કાર્યક્રમમાં દર્શાવેલ તારીખોમાં શાળા સમયમાં લેવાની રહેશે. આ તમામ વિષયોની પરીક્ષાના ટુલ્સ શાળાકક્ષાએથી તૈયાર કરવાના રહેશે.
- પરીક્ષાના કાર્યક્રમ, સમયપાલન અને પૂરતી તૈયારી અંગેની સૂચના વિદ્યાર્થીઓને આપવી. શાળા ઑફિસની બહાર બ્લેક બોર્ડ પર મોટા અક્ષરે વાંચી શકાય તે રીતે પરીક્ષાનો કાર્યક્રમ દર્શાવવો.
- બેઠક વ્યવસ્થાનો ચાર્ટ બીટ સુપરવાઈઝર પાસે મંજૂર કરાવી દરેક ઓરડામાં કયા ધોરણના અને કયા નંબરના વિદ્યાર્થીઓ બેસવાના છે તેની નોંધ જે તે ઓરડાના કા.પા. પર કરવી તેમજ જે તે ઓરડાના બારણા પર પણ દર્શાવવી.
- દ્વિતીય સત્રાંત પરીક્ષા દરમ્યાન જે તે શાળામાં દર પાંચ બ્લોકદીઠ (પરીક્ષાખંડ દીઠ) અન્ય શાળાના એક શિક્ષકને નિરીક્ષકની કામગીરી સોંપવા માટે તમારા ઝોનના મદદનીશ શાસનાધિકારીશ્રીએ કરેલા હુકમ મુજબ જે-તે શિક્ષકને ફાળવેલ શાળામાં ફરજ માટે મોકલવાના રહેશે. આ રીતે મોકલેલા શિક્ષકોની હાજરીપત્રકમાં તેની નોંધ કરવાની રહેશે. બહારથી આવેલા શિક્ષકો માટે અલાયદુ હાજરી પત્રક નિભાવવાનું રહેશે.
- દ્વિતીય સત્રાંત પરીક્ષાની જવાબવહીઓનું બાહ્ય મૂલ્યાંકન કરવા માટે તમારા ઝોનના મદદનીશ શાસનાધિકારીશ્રી દ્વારા આપવામાં આવેલ આયોજન મુજબ જ મૂલ્યાંકનની કામગીરી સોંપવાની રહેશે. ઉ.દા. તરીકે નીચે મુજબ ફાળવણી કરવી.

- ❖ કોઇ "એ" શાળામાં ધો-૩ થી ૮ના વિદ્યાર્થી છે અને ધો-૩ના ગણિત, ગુજરાતી અને પર્યાવરણ ત્રણ વિષય છે તો ધો-૩નો ગુજરાતી વિષય "બી" શાળાના શિક્ષકને, ગણિત વિષય "સી" શાળાના શિક્ષકને અને પર્યાવરણ વિષય "ડી" શાળાના શિક્ષકને મૂલ્યાંકન માટે આપવો. આજ રીતે અન્ય ધોરણના વિષય પણ અલગ અલગ શાળાના શિક્ષકોને ફાળવવા.
- પરીક્ષા સમય પહેલાં કાર્યક્રમ પ્રમાણે જે તે વિષયના પ્રશ્નપત્રો મળેલ છે તે મુખ્ય શિક્ષકશ્રીએ ચેક કરી લેવું. મુદ્રણદોષવાળા કે કોરા પ્રશ્નપત્રો વિદ્યાર્થીઓને અપાય નહિ તે પ્રશ્નપત્ર વિતરણ સમયે ખાસ જોઈ લેવું.
- શૈક્ષણિક વર્ષ દરમ્યાન શાળાનો સમય ગમે તે હોય તો પણ પરીક્ષા ઉપરોકત કાર્યક્રમ પ્રમાણે જ લેવી અને જે તે ધોરણના વિદ્યાર્થીઓને તે પ્રમાણે પરીક્ષા માટે બોલાવવા.
- ધો.૫ થી ૮ના વિદ્યાર્થીઓને એક પરીક્ષાખંડમાં જે-તે ધોરણના વિદ્યાર્થીઓ પાસ પાસે ન આવે તે રીતે બેઠક વ્યવસ્થા ગોઠવવાની રહેશે એટલે કે એક જ ધોરણના વિદ્યાર્થીઓને એક બ્લોકમાં ગોઠવવા નહીં.
- **પ્રશ્નપત્રોના કસ્ટોડીયન તરીકે દરેક મુખ્ય શિક્ષકશ્રીએ અત્યંત કાળજી લેવી કે જેથી જે-તે દિવસે અને સમયે જે-તે ધોરણ અને વિષયનું જ પ્રશ્નપત્ર બહારથી આવેલ બ્લોક સુપરવાઈઝરશ્રીની સહી મેળવી પેકેટ ખોલવાનું રહેશે.**
- ખાસ તાકીદ કરીને જણાવવામાં આવે છે કે દ્વિતીય સત્રાંત પરીક્ષા-૨૦૧૯ના પરીક્ષાના સમયપત્રકમાં થયેલ સુધારાના કારણે પ્રશ્નપત્રના પેકેટ ઉપર છાપેલી તારીખ મુજબ પ્રશ્નપત્ર બંડલ ન ખોલતાં સુધારેલા નવા સમયપત્રક અનુસાર જ પ્રશ્નપત્રો ધોરણ અને વિષયવાર(માધ્યમ મુજબ) ખોલવાના રહેશે. આમ કરવામાં ચૂક કરનાર જે-તે મુખ્ય શિક્ષક સામે પરીક્ષાની ગોપનિયતા ભંગ બદલ સેવા શિસ્તના કડકમાં કડક પગલાં લેવામાં આવશે.
- ઉત્તરવહીઓની સોંપણી પરીક્ષા પૂર્ણ થયે તરત જ તે જ દિવસે સંબંધિત મૂલ્યાંકનકારને પહોંચાડવાની જવાબદારી જે તે શાળાના મુખ્ય શિક્ષકની રહેશે.
- ઉત્તરવહીઓની ચકાસણી કરનાર મૂલ્યાંકનકારે ઉત્તરવહી મળ્યેથી ધોરણ ૫ થી ૮માં ત્રણ દિવસમાં તથા ધોરણ ૩ અને ૪માં જે-તે દિવસે જ ઉત્તરવહીઓની ચકાસણી કરી પરત કરવાની રહેશે. ખાસ કરીને તા.૩-૫-૧૯ના રોજ ધોરણ-૪ હિન્દીની ઉત્તરવહી પરસ્પર સંકલનથી તા.૩-૫-૧૯ના રોજ શાળામાંજ ૧૦-૩૦ કલાકથી શરૂ કરીને કામગીરી પૂર્ણ કરી જે-તે શાળાને તમામ સામગ્રી પરત સોંપીને જ શાળા છોડવાની રહેશે. સમયમર્યાદામાં ઉત્તરવહીઓની ચકાસણી થાય, કોઇ ઉત્તરવહી ગૂમ ન થાય તેની કાળજી લેવાની રહેશે.

આ પરિણામની ઓનલાઇન ડેટા એન્ટ્રી કરવાની રહેશે. તે માટેનો કાર્યક્રમ અને તેની વિગતવાર સૂચનાઓ સમગ્ર શિક્ષા અભિયાન મારફતે અલગથી આપવામાં આવશે. જેનું ચુસ્તપણે પાલન કરી સમયમર્યાદામાં ડેટા એન્ટ્રીની કામગીરી પૂર્ણ કરવાની રહેશે.

તા.૪-૪-૧૯

ડૉ. એલ. ડી. દેસાઈ
શાસનાધિકારી

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૨-A તા.૪-૪-૧૯

(માન્ય શાળા પરિપત્ર નં. ૨ )

તમામ શાળાઓ માટે :-

**વિષય :- દ્વિતીય સત્રાંત પરીક્ષા (લેખિત)૨૦૧૯ માટે ધો.૩ થી ૮નાં પ્રશ્નપત્રો મેળવી લેવા બાબત.**

આથી તમામ શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને જણાવવામાં આવે છે કે પરિપત્ર નં.૨ તા.૪-૪-૧૯ના અનુસંધાને દ્વિતીય સત્રાંત પરીક્ષાનાં પ્રશ્નપત્રો તા.૫-૪-૧૯ના રોજ નીચે જણાવેલ સ્થળ અને સમયે મુખ્ય શિક્ષકશ્રીએ રૂબરૂ મેળવી લેવાં.

| ઝોન | પ્રશ્નપત્ર મેળવવાનું સ્થળ | સમય | કોની પાસેથી મેળવવા ? |
|---|---|---|---|
| પૂર્વ | પૂર્વ ઝોનની ઓફિસ,<br>ખોખરા શા.નં.૧/૨, રોહિત મિલ પાસે, ખોખરા સર્કલ, અમદાવાદ | ૧૨-૦૦<br>થી ૩-૦૦ | સુપરવાઈઝર્સ |
| પશ્ચિમ | પશ્ચિમ ઝોનની ઓફિસ,<br>ઉસ્માનપુરા શા.નં.૨, ઉસ્માનપુરા ચાર રસ્તા,આશ્રમ રોડ, અમદાવાદ | ૧૨-૦૦<br>થી ૩-૦૦ | સુપરવાઈઝર્સ |
| ઉત્તર | ઉત્તર ઝોનની ઓફિસ,<br>બાપુનગર શા.નં.૯, ગાયત્રી મંદિરની સામે, બાપુનગર, અમદાવાદ. | ૧૨-૦૦<br>થી ૩-૦૦ | સુપરવાઈઝર્સ |
| દક્ષિણ | દક્ષિણ ઝોનની ઓફિસ,<br>કાંકરિયા શા.નં.૬, જુના ઢોરબજાર,કાંકરિયા રોડ, અમદાવાદ. | ૧૨-૦૦<br>થી ૩-૦૦ | સુપરવાઈઝર્સ |
| મધ્ય | મધ્ય ઝોનની ઓફિસ,<br>પ્રિતમપુરા શા.નં.૧,ગીરધરનગર પોસ્ટ ઓફિસની પાસે, ગીરધરનગર | ૧૨-૦૦<br>થી ૩-૦૦ | સુપરવાઈઝર્સ |
| ઉર્દૂ | ઉર્દૂ ઝોનની ઓફિસ,<br>ખાડિયા શા.નં.૨, પાંચ કૂવા દરવાજા પાસે, અમદાવાદ | ૧૨-૦૦<br>થી ૩-૦૦ | સુપરવાઈઝર્સ |
| હિન્દી | હિન્દી ઝોનની ઓફિસ,<br>ખાડિયા શા.નં.૨, પાંચ કૂવા દરવાજા પાસે,અમદાવાદ | ૧૨-૦૦<br>થી ૩-૦૦ | સુપરવાઈઝર્સ |
| માન્ય<br>શાળાઓ | એલિસબ્રીજ શા.નં.૧૦,<br>નવરંગપુરા બસ સ્ટેન્ડ પાસે, નવરંગપુરા,અમદાવાદ | ૧૨-૦૦<br>થી ૩-૦૦ | આંકડા કલાર્ક<br>(પરીક્ષાની કામગીરી) |

**પરીક્ષા દરમ્યાન ખૂટતાં પ્રશ્નપત્રો મેળવવાનાં કેન્દ્રો :-**

| ક્રમ | પ્રશ્નપત્ર મેળવવાનું સ્થળ | પ્રશ્નપત્રોનું માધ્યમ |
|---|---|---|
| ૧ | ખોખરા શા.નં.૧/૨ | ગુજરાતી, હિન્દી, મરાઠી, ધો.૩ થી ૮ પ્રા.ભાષા |
| ૨ | ઉસ્માનપુરા શા.નં.૨ | ગુજરાતી, હિન્દી |
| ૩ | બાપુનગર શા.નં.૯ | ગુજરાતી, હિન્દી, અંગ્રેજી, ધો.૩ થી ૮ પ્રા.ભાષા |
| ૪ | કાંકરિયા શા.નં.૬ | ગુજરાતી, હિન્દી |
| ૫ | પ્રિતમપુરા શા.નં.૧ | ગુજરાતી, હિન્દી |
| ૬ | જમાલપુર ઉ.શા.નં.૮ | ફકત ઉર્દૂ માધ્યમ |
| ૭ | રાજપુર ઉ.શા.નં.૧ | ફકત ઉર્દૂ માધ્યમ |
| ૮ | જમાલપુર શા.નં.૪ (સ્ટોર વિભાગ) | પ્રાદેશિક ભાષા, સહિત તમામ માધ્યમના પ્રશ્નપત્રો |

ઉપર દર્શાવ્યા મુજબ પરીક્ષાનાં પ્રશ્નપત્રો સમયસર મેળવી મુખ્યશિક્ષકશ્રીએ તમામ ધોરણ અને વિષયની સીલબંધ કોથળીઓ જે તે કેન્દ્ર પર જ એ રીતે ચેક કરી લેવી કે જેથી તમારી શાળાના ધોરણવાર અને વિષયવાર જરૂરી સંખ્યામાં પ્રશ્નપત્રો હોવાની ખરાઈ થાય. સલામતી અને ગોપનીયતા જળવાય તેની પૂરેપૂરી કાળજી સાથે પ્રશ્નપત્રો શાળામાં મૂકી દેવા.

તા.૪-૪-૧૯

ડૉ. એલ. ડી. દેસાઈ
શાસનાધિકારી